માસુમ દીકરીઓને ચોકલેટ અને બિસ્કિટની લાલચ આપી તેમની સાથે અવારનવાર અત્યાચાર ગુજારતો હતો

વસોમાં 4 સગીરાનું જીવતર બગાડનારા નરાધમ શખ્સને જીવનના અંત સુધી કેદ

જાતીય અત્યાચાર કરી વિડીયો બનાવનાર 50 વર્ષના આધેડને આજીવન કેદ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.22

નડિયાદની સ્પેશિયલ પોક્સો અદાલતે સગીર વયની બાળકીઓ સાથે જાતીય સતામણી અને બળાત્કારના કેસમાં અત્યંત મહત્વનો ચુકાદો આપ્યો છે. 8 થી 11 વર્ષની ચાર માસુમ દીકરીઓને ચોકલેટ અને બિસ્કિટની લાલચ આપી તેમની સાથે અવારનવાર અત્યાચાર ગુજારનાર અને તે ઘટનાઓના બિભત્સ વિડીયો ઉતારનાર આરોપી ચંદ્રકાન્ત ઉર્ફે પેન્ટર ડાહ્યાભાઇ પટેલને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. આ સાથે જ અદાલતે આરોપીને કુલ 1,51,000 રૂપિયાનો દંડ અને દરેક ભોગ બનનાર બાળકીને 2,00,000 રૂપિયા વળતર પેટે ચૂકવવાનો હુકમ કર્યો છે.

આ કેસની વિગતો મુજબ 54 વર્ષનો આરોપી ચંદ્રકાન્ત પટેલ રામપુરના કાકરખાડ ફળિયામાં એકલો રહેતો હતો અને મહેંદી મૂકવા તેમજ પેન્ટિંગનું કામ કરતો હતો. તે શાળા છૂટવાના સમયે દૂધની ડેરી પાસે ઉભો રહી નાની બાળકીઓને

ખાણી-પીણીની લાલચ આપી પોતાના ઘરે બોલાવતો હતો. ગત વર્ષે આરોપીએ સૌપ્રથમ એક બાળકીને લાલચ આપી ઘરે બોલાવી તેની છેડતી કરી હતી. ત્યારબાદ ગણપતિ મહોત્સવ અને નવરાત્રિ જેવા તહેવારો દરમિયાન તેણે માસુમ બાળકીઓને અશ્લીલ વિડીયો બતાવી તેમના પર જાતીય દુષ્કર્મ આચરી તેના વિડીયો ઉતાર્યા હતા. આરોપીએ બાળકીઓને ધમકી આપી હતી કે જો તેઓ આ બાબતે કોઈને જણાવશે તો તેમને જીવતી દાટી દેશે અથવા મારી નાખશે.

વસો પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાતા પોલીસે બીએનએસ અને પોક્સો એક્ટની વિવિધ કલમો તેમજ આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. આ કેસ નડિયાદના સ્પેશિયલ પોક્સો જજ પી. પી. પુરોહિતની કોર્ટમાં ચાલ્યો હતો. સુનાવણી દરમિયાન સરકારી વકીલ પ્રેમ તિવારીએ ધારદાર દલીલો કરી હતી કે દેશમાં સગીર બાળકીઓ સાથે વધતા અત્યાચારના કિસ્સાઓમાં દાખલારૂપ સજા થવી જરૂરી છે જેથી સમાજમાં મજબૂત સંદેશો જાય.

આ કેસમાં ફરિયાદી પક્ષ તરફથી કુલ 19 સાક્ષીઓ અને 45 દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. નામદાર અદાલતે તમામ પુરાવા અને દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીને પોક્સો એક્ટ હેઠળ આજીવન કેદ એટલે કે કુદરતી જીવનના અંત સુધીની જેલની સજા ફટકારી છે.

નડિયાદ મનપા દ્વારા વેપારીઓને ડ્રો બાદ વૈકલ્પિક જગ્યાએ ખસી જવા તાકીદ

સરદાર ભવનની દુકાનો ખાલી કરવા મનપાની છેલ્લી નોટિસ

હાઈકોર્ટની મુદત પૂર્ણ થતા મનપા તંત્ર એક્શન મોડમાં આવ્યું

(પ્રતિનિધિ) નડિયાદ, તા.22

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા શહેરના મધ્યમાં આવેલા સરદાર ભવનની દુકાનો ખાલી કરાવવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. લાંબા સમયથી ચાલી રહેલા આ વિવાદમાં હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલી મુદત આજે પૂર્ણ થતા પાલિકા તંત્ર દ્વારા તમામ 46 દુકાનદારોને તાત્કાલિક અસરથી જગ્યા ખાલી કરવા માટેની અંતિમ નોટિસો આપી દેવામાં આવી છે. પાલિકાએ આ દુકાનદારો માટે ડ્રોની પ્રક્રિયા પૂર્ણ કરી તેમને કશીભાઈ પાર્ક પાસે તૈયાર કરવામાં આવેલા પતરાના શેડમાં વૈકલ્પિક જગ્યા ફાળવી દીધી છે.

નડિયાદના સરદાર ભવનના જર્જરિત બાંધકામ અને તેના પુનઃવિકાસના આયોજનને પગલે લાંબા સમયથી દુકાનદારો અને તંત્ર વચ્ચે ખેંચતાણ ચાલી રહી હતી. આ મામલે કાયદાકીય લડત બાદ હાઈકોર્ટે દુકાનદારોને ચોક્કસ સમય મર્યાદા આપી હતી, જેની અવધિ આજે પૂરી થઈ છે. મહાનગરપાલિકા દ્વારા અગાઉ જ પારદર્શક રીતે ડ્રોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સરદાર ભવનના 46 જેટલા દુકાનદારોને શહેરના કશીભાઈ પાર્ક વિસ્તારમાં પતરાના શેડ વાળી નવી દુકાનો ફાળવવામાં આવી છે. પાલિકા તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે જો દુકાનદારો સ્વેચ્છાએ જગ્યા ખાલી નહીં કરે તો આગામી સમયમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં મનપાના અધિકારીઓ દ્વારા સ્થળ પર જઈને દુકાનદારોને વહેલી તકે તેમનો સામાન ખસેડી લેવા અને નવી ફાળવવામાં આવેલી જગ્યાએ કાર્યરત થવા માટે મૌખિક અને લેખિત સૂચનાઓ આપી દેવામાં આવી છે. આ કાર્યવાહીને પગલે વર્ષો જૂના સરદાર ભવનની દુકાનોના વિવાદનો અંત આવે તેવી શક્યતા જણાઈ રહી છે.

આ મામલે દુકાનદારોનો કેસ લડતા વકીલે જણાવ્યું કે, હાઈકોર્ટમાં મહાનગરપાલિકા વિરુદ્ધ કન્ટેમ્પટ પીટીશન દાખલ કરી છે. આવતીકાલે જ તેનું હિયરિંગ છે અને આ બાબતે મનપાનું ધ્યાન દોર્યું છે.

મંગળવારે સવારે તોડવાનું શરૂ કરાશે

મળતી માહિતી મુજબ મંગળવારે વહેલી સવારે આઠ વાગે દબાણ વિભાગની ટીમ દ્વારા મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં સ્થળ પર દુકાનો ખાલી કરાવડાવી તત્કાલ દુકાનો તોડવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ સમગ્ર ઘટનાક્રમ પર શહેરભરની નજર છે. જોકે બીજી તરફ મહાનગરપાલિકા પ્રશાસન હાઇકોર્ટના ડાયરેક્શનની રાહ જોશે કે પછી તોડવાની કામગીરી શરૂ કરી દેશે તેની પર પણ મીટ મંડાયેલી છે.

નોટિસ પાઠવવા ટેકનીકલ ટીમ હાજર ન રહી

નડિયાદ મહાનગરપાલિકામાંથી આજે દબાણ વિભાગના કર્મચારીઓ નોટિસો પાઠવવા માટે પહોંચ્યા હતા. દુકાનદારો અને તેમના પ્રતિનિધિઓ સાથે વારંવાર શાબ્દિક ઘર્ષણ થતું હોવા છતાં મહાનગરપાલિકાની ટેકનીકલ ટીમ સહિત અન્ય જવાબદાર કોઈ ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા ન હતા.

ઉમરેઠમાં બે મકાનમાંથી તસ્કરો દાગીના-રોકડ સહિત ચોરી ગયાં

એક મકાનમાં પરિવાર નિકળ્યાને માત્ર 3 જ મિનિટમાં ઘરના તાળા તૂટ્યા

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.22

ઉમરેઠમાં ઘરફોડ ચોરોએ ફરી એકવાર માથું ઊંચક્યું છે. શહેરના બસ સ્ટેન્ડ પાછળ આવેલી જલારામ સોસાયટીમાં તસ્કરોએ એક જ રાતમાં બે મકાનોને નિશાન બનાવી લાખોની મતાની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે, જેના કારણે સમગ્ર પંથકમાં ચિંતાનો માહોલ ફેલાયો છે.

ઉમરેઠની ચોરીમાં જાણભેદુ હોવાની આશંકા ઉઠી છે,. આ ઘટનાની સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે, જલારામ સોસાયટીના મકાન નંબર 33A માં રહેતા ચંદ્રકાંત શાંતિલાલ રાણા અને તેમનો પરિવાર વહેલી સવારે 04:45 વાગ્યે કોઈ કામ અર્થે ઘરને તાળું મારીને નીકળ્યા હતા. આ પરિવારના નીકળ્યાના બરાબર 3 મિનિટ બાદ, એટલે કે 04:48 કલાકે તસ્કરો ત્રાટક્યા હતા. આટલી ચોકસાઈપૂર્વકની યોજના પાછળ કોઈ જાણભેદુ હોવાની પૂરેપૂરી શક્યતા વર્તાઈ રહી છે.

સમગ્ર ઘટનામાં ચોરી કરવા આવેલા તસ્કરો કાર લઈને આવ્યા હતા, જે સોસાયટીના

સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. તસ્કરોએ ચંદ્રકાંતભાઈના ઘરનું તાળું તોડી, તિજોરી, કબાટ અને ઘરવખરી વેરવિખેર કરી નાખી હતી. ઘરમાંથી 10 નંગ સોનાની ચુની, છડા, સોના-ચાંદીના પેન્ડલ અને આશરે 7થી 8 હજાર રૂપિયાની રોકડ રકમની ચોરી થઈ છે. આ બંધ મકાનને પણ નિશાન બનાવ્યું તસ્કરોએ આ જ રાત્રે સોસાયટીના મકાન નંબર 22ને પણ નિશાન બનાવ્યું હતું.

આ મકાનના માલિક બહાર રહેતા હોવાથી મકાન બંધ હતું. તસ્કરોએ ત્યાં પણ હાથફેરો કર્યો હતો, પરંતુ ચોક્કસ કેટલી મતાની ચોરી થઈ છે તે માલિકના આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. ઉમરેઠ પોલીસ તપાસ તેજ ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ દોડી આવી હતી. હાલ પોલીસે સીસીટીવી ફૂટેજ અને ગાડીના નંબરના આધારે તસ્કરોનું પગેરું મેળવવા તજવીજ હાથ ધરી છે.

બોરસદ ડેપોમાં બસ ટક્કરે વૃદ્ધ ઘાયલ

(પ્રતિનિધિ) બોરસદ તા.22

આંકલાવના ગંભીરા ગામમાં રહેતા દાનાભાઈ ભવાનભાઈ રોહિત (ઉ.વ.70) 20મી ડિસેમ્બરના રોજ સર સામાન ખરીદવા બોરસદ આવ્યાં હતાં. તેઓ બસ સ્ટેન્ડમાં ઉતર્યાં તે સમયે શૌચાલય તરફ જતા સમયે પુરપાટ ઝડપે ધસી આવેલી વડોદરાથી ધુવારણ રૂટને બસે હટફેટે ચડાવતા તેમને ગંભીર ઈજા પહોંચી હતી. આથી, તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પટિલમાં ખસેડ્યાં હતાં. આ અંગે બોરસદ શહેર પોલીસે એસટી બસ ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

આણંદ જિ.માં ખાદ્યપદાર્થના નમૂના સબ સ્ટાન્ડર્ડ થતાં દંડ

સુંદર કાઠીયાવાડી અને સહયોગ રેસ્ટોરન્ટને દંડ

(પ્રતિનિધિ) આણંદ તા.22

આણંદ જિલ્લામાં ખોરાક સલામતી કાયદા ભંગ બદલ 3 એકમોને દંડ ફટકારવામાં આવ્યો છે. આ દંડમાં આણંદની સુંદર કાઠીયાવાડીને રૂ.25 હજાર, સહયોગ રેસ્ટોરન્ટને એક લાખ અને ખંભાતના રાણા જીવણલાલ મણીલાલને 1.75 લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

આણંદ જિલ્લામાં ખોરાક સલામતી અને ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ અનુસંધાને ફુડ સેફટી ઓફીસર, આણંદ દ્વારા સુંદર કાઠીયાવાડી, આણંદ; રાણા જીવણલાલ મણીલાલ, ખંભાત તથા સહયોગ રેસ્ટોરન્ટ, આણંદ ખાતે તપાસણી હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન સુંદર કાઠીયાવાડીમાં કેરીના રસનો નમૂનો, ખંભાતની રાણા જીવણલાલ મણીલાલને ત્યાંથી દેશી ઘીનો નમૂનો તથા સહયોગ રેસ્ટોરન્ટમાંથી પનીરના નમૂનાઓ લેવામાં આવ્યા હતા. જેની લેબોરેટરી તપાસના પરિણામે તમામ નમૂનાઓ સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયા હતા.

આ બાબતે ફુડ સેફટી ઓફીસર, આણંદ દ્વારા એજયુડીકેટીંગ ઓફીસર તથા નિવાસી અધિક કલેકટર ઋતુરાજ દેસાઈની કોર્ટમાં ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-2006 મુજબ વિવાદિત માલિકો, સંસ્થા, પેઢીઓ વિરુદ્ધ કેસ દાખલ કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી. બાદ કોર્ટ દ્વારા સંબંધિત તમામ પક્ષકારોને નોટિસ આપી તેમની રજૂઆત કરવાની પૂરતી તક આપવામાં આવી હતી. આ તમામ પુરાવાઓ અને રજૂઆતોનું સાવચેતીપૂર્વક અવલોકન કર્યા બાદ એજયુડીકેટીંગ ઓફીસર તથા નિવાસી અધિક કલેકટર ઋતુરાજ દેસાઈ, આણંદની કોર્ટ દ્વારા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-2006ના ભંગ બદલ કલમ-50 અને 51 મુજબ દંડ ફટકાર્યો હતો.

આણંદ જિલ્લાના પ્રાંત અને મામલતદાર 3 ગામમાં સંવાદ કરશે

(પ્રતિનિધિ) આણંદ તા.22

આણંદ કલેક્ટર પ્રવીણ ચૌધરીના માર્ગદર્શન હેઠળ તમામ પ્રાંત અધિકારી તથા મામલતદારને સપ્તાહમાં ત્રણ ગામોમાં ગ્રામ સંવાદ કાર્યક્રમ યોજવા સુચના આપી હતી. કલેક્ટર પોતે પણ દર સપ્તાહે ગામ સંવાદ કાર્યક્રમ યોજે છે. જે અંતર્ગત જિલ્લા અને તાલુકા કક્ષાના અધિકારીઓ પણ આ કાર્યક્રમમાં હાજર હોય છે. ગામ લોકો તરફથી મળેલા પ્રશ્નો અને રજુઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જ્યારે બાકી રહેલા પ્રશ્નોનો દર ચોથા ગુરૂવારે પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં સંબંધિત વિભાગના અધિકારીઓની મિટીંગ બોલાવવામાં આવે છે. તથા પેન્ડીંગ પ્રશ્નો બાબતે સમીક્ષા કરવામાં આવે છે.

ચરોતરમાં ક્રિસ્મસની તડામાર તૈયારી શરૂ

ગિફ્ટ અને ક્રિસ્મસ ડેકોરેશન સામગ્રીના વેચાણમાં ઉછાળો

(પ્રતિનિધિ) આણંદ તા 22

આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં નાતાલના તહેવારને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે શહેર સહિત જિલ્લાના મોટાભાગના શહેરી અને તાલુકા મથકોમાં ગિફ્ટ અને ક્રિસ્મસ ડેકોરેશન સામગ્રીના વેચાણમાં ઉછાળો જોવા મળ્યો છે. ખાસ કરીને નાના બાળકો અને પરિવાર માટે તૈયાર કરાયેલા નાના-નાના ક્રિસ્મસ ટ્રી તેમજ તેને શણગારવા માટે ઉપયોગમાં લેવાતી વિવિધ ડેકોરેશન સામગ્રીની માંગ વધુ જોવા મળી રહી છે.

જેમાં મુખ્યત્વે અલગ અલગ સાઈઝના ક્રિસ્મસ ટ્રી માંગ વધુ જોવા મળે છે. આ સાથે જ એને શણગારવામાં ઉપયોગમાં લેવાતી નાની નાની ગિફ્ટ આઈટમ, રંગબેરંગી લાઈટ્સ, સ્ટાર, બોલ્સ, બેલ, સેન્ટા ક્લોઝ, સ્નોમેન, ગ્રીન કલરની રીબીન નાના નાના મોજા નું વેચાણ સૌથી વધુ જોવા મળતું હોય છે. જે બજારમાં રૂપિયા 40 થી 500 સુધી વેચાઈ રહ્યું છે. આ ઉપરાંત ડોર ઉપર મેરી ક્રિસ્મસ ના બોર્ડ પણ ખૂબ જ ચાલી રહ્યા છે. જો ક્રિસમસ ટ્રી ની કિંમત ની વાત કરવામાં આવે તો બજારમાં એક થી લઈને પાંચ ફૂટ સુધી ક્રિસમસ ટ્રી જોવા મળે છે જે રૂપિયા 50 થી લઈને 2500 સુધીની કિંમતના હોય છે.નાતાલના તહેવારમાં એકબીજાને નવા વર્ષને વધાવવા ભેટ આપવાની પણ પરંપરા છે . જેને પગલે લોકોને ઉપયોગી થાય જેવા કે પર્સ વોચ પરફ્યુમ વગેરેનું વેચાણ પણ ખૂબ થઈ રહ્યું છે. આમ નાતાલ પર્વની ઉજવણી માટે સમગ્ર જીલ્લામાં આનંદનો માહોલ છવાયો છે અને બજારોમાં ખરીદીની ઝાકમઝોળ જોવા મળે છે.

નડિયાદના બજારોમાં નાતાલ પર્વની જમાવટ

નડિયાદ શહેરમાં નાતાલના તહેવારને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને શહેરના મુખ્ય બજારોમાં અત્યારથી જ ખરીદી માટે લોકોની ભીડ ઉમટી રહી છે. ક્રિસમસ ડેકોરેશન અને ગિફ્ટ આર્ટિકલ્સના વેચાણ માટે ઠેર-ઠેર સ્ટોલ્સ ઉભા કરવામાં આવ્યા છે. વેપારીઓના જણાવ્યા અનુસાર આ વર્ષે નાના બાળકો અને પરિવારોમાં ક્રિસમસ ટ્રી પ્રત્યે વિશેષ આકર્ષણ જોવા મળી રહ્યું છે. બજારમાં નાના અને મોટા કદના ક્રિસમસ ટ્રીની માંગમાં વધારો થવાને કારણે વેપારમાં તેજી આવી છે. આ ટ્રીને શણગારવા માટે વપરાતી એક્સેસરીઝ જેવી કે રંગબેરંગી લાઈટ્સ, સ્ટાર, બોલ્સ અને બેલ્સનું પણ ધૂમ વેચાણ થઈ રહ્યું છે. આ ઉપરાંત સાન્તાક્લોઝના ડ્રેસ અને બાળકો માટેના નાના લાલ-સફેદ મોજાં પણ ગ્રાહકોની પહેલી પસંદ બની રહ્યા છે.